| GJAR040007122023 | सत्यमेव जयते | કેસ દાખલ થયાની તા. | ૦૭/૦૨/૨૦૨૩ |
|---|---|---|---|
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૦૭/૦૨/૨૦૨૩ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૦૩/૦૪/૨૦૨૬ |
| | | સમયગાળો:વર્ષ:૦૩ ,મહિનો–૦૧ ,દિવસ–૨૭ | |

---

**મેઘરજ તાલુકાના મહેરબાન એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ**

---

**ક્રિમીનલ કેસ નંબર– ૬૯૦/૨૦૨૩**

**આંક–**

---

**ફરીયાદી:** શ્રી સરકાર
મેઘરજ પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૧૮૮૦૦૭૨૨૦૧૮૭/૨૦૨૨

**વિરુધ્ધ**

**આરોપીઓ:** (૧) પ્રકાશચંદ્ર સ/ઓ ભવનાજી લાખાજી રેબારી
રહે.ખેડા,તા.ગડી,જી.બાંસવાડા(રાજસ્થાન)

---

**ગુન્હો:– ગુજરાત પ્રોહીબિશન અધિનીયમની કલમ – ૬૫ (એ.ઈ.),૮૧મુજબ**

---

ફરિયાાદ પક્ષ તરીકે વિ. એ.પી.પી.શ્રી.એ.એન. સૈની
આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી.કલમ ૨૯૯ મુજબ કાર્યવાહી ચલાવેલ છે.

---

**–: જજમેન્ટ :–**

**(૧)** આ કામના ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, કોલમ નંબર ૧ મા જણાવેલ આરોપીઓ મોજે પટેલઢુંઢા ચોકડી પાસે તા–

૧૦/૦૫/૨૨ ના કલાક ૦૮/૧૫ વાગે તે એવી રીતે કે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી દારૂ ભરી ભરાવી પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગે.કા અને વગર પાસ પરમીટે પોતાના કબજાની મારૂતી સ્વીફ્ટ ડીઝાયર ગાડી નંબર GJ 01 WF 0324 નો ચેચીસ નંબર MBHCZFB3SNC230328 તથા એન્જીન નં. K12NP4083294 માં ભારતીય રાજસ્થાન બનાવટનો વિદેશી દારૂ/બીયર બોટલો કુલ નંગ ૧૬૩ કુલ કિં રૂ ૪૩,૬૫૦ તથા મોબાઈલ નંગ.૧૦,૦૦૦/- તથા મારૂતી કારની કિં રૂ ૫,૦૦૦૦૦/-મળી કુલ કિ.રૂ.૫,૫૩,૬૫૦/-ના પ્રોહી મુદામાલ સાથે મળી આવી પકડાઇ જઇ ગુન્હો કર્યા બાબતે. આરોપી વિરૂધ્ધ ધી પ્ર ોહીબીશન એકટની કલમ : ૬૫ (એ.ઈ.), ૮૧ મુજબના ગુના સબબતું ચાર્જશીટ નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ રજુ કરતા, સંહિતાની કલમ-૧૯૦(૧) (બી) પ્રમાણે આરોપી સામેના આક્ષેપીત ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ સંહિતાની કલમ-૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતા. પરંતુ સને-૨૦૨૩ નો ગુન્હો હોય તેમ છતાં સને-૨૦૨૬ સુધી ફરિયાદપક્ષની પોલીસ એજન્સી આરોપી વિરૂધ્ધ પ્રોસેસ બજવણી કરી આરોપીને અદાલતમાં હાજર રખાવવામાં નિષ્ફળ રહેલ હતી. જેથી, આરોપી વિરૂધ્ધ સી. આર. પી. સી. કલમ ૨૯૯ અન્વયે કાર્યવાહી ચલાવવા હુકમ કરવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે આરોપી ઓ સામેનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબના પુરાવાઓ નોંધવામાં આવેલ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી અર્જુનસિંહ કકલદાનની જુબાની | ૦૪ |
| ૨ | ફરીયાદ | ૦૬ |
| ૩ | પંચ સાહેદ દિનેશભાઈ સુરમાભાઈ બરંડાની જુબાની | ૦૭ |
| ૪ | પંચનામુ | ૦૫ |

(૪) ઉપરોકત રજુ થયેલ ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ સદર કામ સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ ચાલેલ હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે સરકારી વકીલ શ્રીની દલીલો સાંભળી.

(૫) કેસનાં નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: <u>મુદ્દાઓ</u> :–**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, સદર કામના આરોપી ઓ એ ધી પ્રોહી. એકટની કલમ– ૬૫ (એ.ઈ.),૮૧ મુજબ શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>–:કારણો:–</u>**

(૭) આ કામે **<u>આંક– ૦૭</u>** થી પંચસાહેદ દિનેશભાઈ સુરમાભાઈ બરંડાનાઓને સોગંદ ઉપર તપાસેલા છે. આ પંચસાહેદ પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે પરંતુ ઉલટતપાસમાં તૈયાર પંચનામામાં સહી કરેલી અને તે સીવાય બીજુ કંઇ જાણતો નથી તેવી હકીકત કબુલ રાખેલ છે જેથી સદર પંચ સાહેદની વિરોધાભાષ જુબાની રેકર્ડ પર આવવા પામેલ છે જેથી સદર પંચ સાહેદની જુબાની શંકારહીત માનવાપાત્ર રહેતી નથી. વધુમાં,

તેઓને ફરીયાદપક્ષ તરફથી ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા, વિનંતી ગ્ર ાહ્ય રાખી એવીડેન્સ એકટની કલમ–૧૫૪ અન્વયે પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રોસીકયુશન તરફે સદર પંચસાહેદની ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી. **<u>આંક– ૦૫</u>** થી પંચનામાને રજુ કરવામાં આવેલ છે. જે ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં.

ત્યારબાદ આ કામનાં ફરીયાદી અર્જુનસિંહ કકલદાન ને **<u>આંક – ૦૪</u>** થી તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે જયારે જુબાનીમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, ''હું ગત તા.૧૦/૫/૨૨ ના રોજ મેઘરજ પો.સ્ટે ખાતે અહેકો તરીકે ફરજ બજાવતો હતો ત્યારે હું તથા ડ્રાપોકો રાકેશકુમાર સવજીભાઈ સાથે નાઈટ રાઉન્ડ મા મોબાઈલ વાનમા હતા એ દરમીયાન ઈન્ચા પી.આઈ તરફથી પોહી નાકાબધી કરી વાહન ચેકીગ કરવાનુ જણાવતા પટેલઢુઢા ચોકડી આવી સરથુણા તથા રાજસ્થાન ઉન્ડવા તરફથી આવતી ગાડીઓ ચેક કરતા હતા તે વખતે રાજસ્થાન સરથુણા તરફથી એક મારુતી કાર પટેલઢુઢા ચોકડી તરફ આવતી હોય તેઓને ઉભી રખાવી ગાડીમા બેસેલ ઈસમને પુછપરછ કરતા તેઓ અમદાવાદ જવાનુ જણાવતા હોય ગાડીમા તપાસ કરતા ડીકીમા ભારતીય વિદેશી દારુ મળી આવેલ જેથી નજીકમાથી બે પંચના માણસો બોલવી હકીકતથી વાકેફ કરી આરોપી સાથે પ્ર ોહી મુદામાલ ભરેલ ગાડીમાં પંચો ને બેસાડી મેઘરજ પો.સ્ટે લાવી પંચો રુબરુ ચાલકનુ નામઠામ પુછતા પોતાનુ નામ પ્રકાશચંન્દ્ર ભવનાજી રબારી રહે. ખેડા બાસવાડા રાજસ્થાનનો હોવાનુ જણાવેલ અને સદર ગાડીમા પોહી મુદામાલ લાવવા બાબતે પાસ પરમીટ માગતા નહી હોવાનુ જણાવતા પચો રુબરુ પોહી મુદામાલ બહાર કાઢી ગણી જોતા

(૧) ભારતીય રાજસ્થાન બનાવટની કીગફીશર સુપરસ્ટ્રોગ પીમીયમ બીયરના ૫૦૦ એમ.એલ.ના ટીનની પેટી નંગ–૫ કુલ નંગ– ૧૨૦ કુલ કી.રુ૧ ૮૦૦૦/–

(૨) ભારતીય રાજસ્થાન બનાવટની મેકડોલ્ડ બ્લુ રીબન પીમીયમ જીન ૭૫૦ એમ.એલ.ના કાચની બોટલોની પેટી નંગ–૨ કુલ નંગ– ૨૪ કુલ કી.રુ.૧ ૨૦૦૦/–

(૩) ભારતીય રાજસ્થાન બનાવટની મેજીક મુમેન્ટ રીમીકસ ઓરેન્જ ફલેવર વોડકા ૭૫૦ એમ.એલ.ના કાચની બોટલોની પેટી નંગ–૧ કુલ નંગ– ૧૨ કુલ કી.રુ.૮૪૦૦/–

(૪) ભારતીય રાજસ્થાન બનાવટની રોયલ સ્ટેગ ડીલકસ વ્હીસ્કી ની ૭૫૦ એમ.એલ.ના કાચની બોટલો નંગ–૭ કુલ કી.રુ.૫૨૫૦/– ની મળી આવેલ જેમાથી સેમ્પલ તપાસણી સારુ એક એક બોટલ ટીન કાઢી કબજે લીધેલ અને સદર ઈસમનુ અગજડતી કરતા પેન્ટના ખીસ્સામાથી સેમસગ કંપનીનો ગેલેકસી એ૦૩એસ મોડલનો સીમકાડ સાથેનો મોબાલઈ કી.રુ.૧૦૦૦૦/– નો કબજે લીધેલ તથા સદર ઈસમ પાસેની મારુતી સ્વીફ્ટ ડીઝાઈર ગાડી નં .જી.જે.૦૧.ડબલ્યુ.એફ.૦૩૨૪ કી.રુ.૫,૦૦,૦૦૦/– એન્જીન તથા ચેસીસ નંબર લખી પંચો રુબરુ વિગતવારનુ પંચનામુ કરી તમામ વસ્તુઓ સાથે કબજે લીધેલ જે અંગેનુ પંચનામાની ખરી નકલ મને બતાવવામા આવે છે જેમા પંચોની મારી રુબરુ સહી છે જે ઓળખી બતાવુ છુ જે ખરી નકલ રજુ દાખલ આંક. ૦૫ આપવામા આવે છે અને ત્યારબાદ સદર આરોપીએ કરેલ ગુના બાબતે અમોએ પી.એસ.ઓ. એએસઆઈ ધર્મીષ્ઠાબેન અશોકભાઈ રુબરુ ફરીયાદ આપેલ. જે ફરીયાદની ખરી નકલ મને બતાવવામા આવે છે તેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે ફરીયાદની ખરી નકલ રજુ દાખલ **આંક. ૦૬** આપવામા આવે છે. જે ફરીયાદ મેઘરજ પો.સ્ટે.ગુના રજી. નં.૧૧૧

૮૮૦૦૭૨૨૦૧૮૭/૨૨, પ્રોહી એકટ કલમ–૬૫ એઈ, ૮૧ મુજબ નોંધી આગળની તપાસ અમોને મળતા અમોએ તપાસ સભાળી લઈ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા આરોપીઓને અટક કરી નામ. કોર્ટમા રજુ કરેલ ત્યારબાદ તપાસના કાગળો ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામ. કોર્ટ મા ચાર્જશીટ કરેલ.

વધુમાં આ કામે ઉપરોકત સંજોગો ધ્યાને લેતા\ SATHISH MEHRA VS DELHI ADMINISRATION 96 (3) CRIMES,85 નાં ચુકાદામાં નામ.ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય, ત્યારે બાકીના સાહેદોને તપાસવાની Formality પુરી કરવાની જરૂર નથી. અને વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે એવુ પણ નિરીક્ષણ કરેલ છે કે, when Judge is fairy certain that there is no prospect of case ending in conviction valuable time of Court should not be wasted for holding a only for proposes of formally completing the proposes to provision the conclusion on future date. વધુમાં જયારે વિદેશી દારૂ હોય ત્યારે દરેક બોટલો ઉપર પંચોની સહી લેવી જોઈએ. જો દરેક બોટલ ઉપર પંચોની સહી લેવામાં આવેલ ન હોય, ત્યારે **જી.એલ.આર. ૧૯૯૧(૧) પેજ નં. ૪૪૩ (ધીરજલાલ ગાંડાલાલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત)** ના ચુકાદામાં નામ.હાઈકોર્ટે ઠરાવ્યા મુજબ બોમ્બે પ્રોહી. કલમ–૧૧૬(બી) મુજબનુ અનુમાન કરી શકાય નહીં. વધુમાં પ્રોહી.કલમ–૧૧૬ (બી) મુજબ જયારે આરોપીઓ પાસેથી નામી બ્રાન્ડની બોટલો મળી આવેલ હોય, ત્યારે પૃથ્થકરણની જરૂરીયાત રહેતી નથી. પરંતુ તે માટે પંચોની સહીવાળી કાપલી ધ્વારા બોટલો શીલ કરવી જોઈએ અને જો તે રીતે શીલ કરવામાં આવેલ ન હોય અને પંચોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય, પ્રોહી.કલમ–૧૧૬(બી) મુજબનું અનુમાન થઈ શકે નહી. વધુમાં

આવા પ્રકારના ગુનામાં ફરીયાદપક્ષે કઈ–કઈ હકીકત પુરવાર કરવી પડે તે અંગે નામ.હાઈકોર્ટ **૧૯૯૨(૨) જી.એલ.એમ.(યુ.જે.૨૦) ગુલાબ રણછોડ વિ.ગુજરાત રાજય** ના કેસમાં નીચે મુજબના તત્વો ફરીયાદપક્ષે સાબિત કરવા પડે,

૧) આરોપીના કબ્જામાંથી શીલબંધ બોટલો મળી આવેલ,

૨) આવી શીલબંધ બોટલો ઉપર કંપનીનું અસલ લેબલ હતુ,

૩) આવુ લેબલ જાણીતી દારૂની બ્રાન્ડનુ તેમાં વ્હીસ્કી, બ્રાન્ડી દર્શાવતુ હોવુ જોઈએ. અને તેના ઉપર ઉત્પાદકનું નામ દર્શાવેલ હોવુ જોઈએ.

આમ, ઉપરોકત પરીપેક્ષમાં આ કેસમાં મૂલ્યાંકન કરતા જોઈએ તો, બોટલો કઈ બ્રાન્ડ ની હતી તથા તે બોટલ ઉપર કંપનીનું નામ જણાવવામાં આવેલ હોય તેવુ તથા સદરહુ બોટલોનું શીલ અસલ હોવા બાબતે કોઈ વેરીફીકેશન કરવામાં આવેલ હોય તેવુ તથા તે બોટલની કંપનીના કોઈ અધિકારીનું નિવેદન લેવામાં આવેલ હોય તે બાબતે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ, આરોપીના સભાન કબ્જામાંથી દારૂ મળી આવેલ હોય તેવો પુરાવો ફરીયાદપક્ષે નિ:શંકપણે રજુ થયેલ નથી. આમ, ઉપર ચર્ચા કર્યા પ્રમાણે આ હકીકત ફરીયાદપક્ષે સાબિત કરવી જોઈએ, જે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે કે, મુદ્દામાલ બોટલો કંપની શીલપેક લેબલવાળી શીલબંધ હતી અને બોટલોમાં પ્રતિબં ધિત કેફી પીણુ હતુ. આમ, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. ત્યારે માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખીને આરોપીઓને સજા કરી શકાય નહીં. આમ, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો

ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, ઉપરોકત સંજોગો અને હકીકતોને ધ્યાનમાં લેવામા આવે તો ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ તેમ ન હોય તેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**-: આખરી હુકમ :-**

**(૧)** આ કામે મેઘરજ પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૧૮૮૦૦૭૨૨૦૧૮૭/૨૦૨૨ ના કામે(૧) પ્રકાશચંદ્ર સ/ઓ ભવનાજી લાખાજી રેબારી, રહે.ખેડા,તા.ગડી,જી.બાંસવાડા(રાજસ્થાન)નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૪૮(૧) હેઠળ પ્રોહીબીશન એકટની કલમ- ૬૫ (એ.ઈ.),૮૧ મુજબનાં સજાને પાત્ર ગુન્હાંમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧.૧)** ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ-૨૯૯ સાથે વાંચતા કલમ-૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરવામાં આવેલ છે.

**(૨)** આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન તથા મોબાઈલ ફોન અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો, તે કાયમ કરવામાં આવે છે અને તેમાં મુકેલ શરતો અપીલ સમય બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ વાહન તથા મોબાઈલ ફોન સંબંધે કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો સદર કામે કબ્જે કરેલ મુદ્દામાલ વાહન તથા મોબાઈલ ફોન અપીલ સમય બાદ નીયમોનુસાર મુળ માલીકની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામા આવે છે.

**(૨.૧)** આ કામે કબજે કરેલ મુદ્દામાલ ઈંગ્લીશ દારૂ સેન્ટ્રલ એકસાઈઝ કચેરી, મોડાસાને નિયમોનુસાર યોગ્ય નિકાલ અર્થે અપીલ સમય બાદ મોકલી આપવો.

**(૩)** આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ હુકમ આજ તારીખ– ૩જી, માહે– એપ્રિલ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરીને જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| **તા. ૦૩/૦૪/૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(હેમોરસિંહ મનુભાઈ પરમાર)**<br>**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**<br>**મેઘરજ**<br>**(કોડ નં.જી.જે.૦૧૨૭૬)** |